# શ્રી કે.કા.શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ

**ખોખરા રોડ, મણિનગર(પૂર્વ), અમદાવાદ.**

(ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સંચાલિત)

સત્યમેવ જયતે

## દ્વિચક્રી વાહન ચલાવતી વખતે ફરજીયાત હેલ્મેટ પહેરવા અંગે પરિપત્ર

**સંદર્ભ :**

1. **ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૪ ના પરિપત્રક્રમાંક: GAD/MSM/e-file/1/2024/5873/T**
2. **ગુજરાત યુનિવર્સિટીનાં તા.૨૩/૧૦/૨૦૨૪ નાં પરિપત્રક્રમાંક: આર/૯૯૬૬/૨૦૨૪**
3. **પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિ. શ્રી, ગુજરાત રાજ્યના પત્રક્રમાંક: ૧૮૬/STB/RB/F.NO./ટ્રાફિક નિયમ-અમલવારી/હેલ્મેટ/૧૦૫૮/૨૦૨૪, તા.૧૮/૧૧/૨૦૨૪**

**પરિપત્ર :**

**રાજયમાં વધતા જતા માર્ગ અકસ્માતો અને તેનાથી થતી ગંભીર ઈજા/મૃત્યુના બનાવોને ધ્યાને લેતાં માર્ગ સલામતી તથા ટ્રાફિકના નિયમોનું પાલન થાય તે માટે મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ મુજબ નિયમ-૧૨૯ હેઠળ, દ્વિચક્રી વાહન ચલાવતા સમયે હેલ્મેટ પહેરવું ફરજીયાત હોવાથી ગુજરાત સરકારશ્રી, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૪ના પરિપત્ર (નકલ સામેલ છે) મુજબ કોલેજ કેમ્પસ/પરિસરમાં આવતા-જતાં વાહનચાલક તથા પાછલી સીટ પર બેસનાર અધિકારીઓ/કર્મચારીઓ/વિધાર્થીઓ સહિત તમામે નિયત ધોરણસરનું હેલ્મેટ પહેરીને જ પ્રવેશ લેવાનો રહેશે.**

**વિશેષમાં, કેમ્પસ પરિસરમાં પ્રવેશનાર તમામ સ્ટાફ અને વિધાર્થીઓએ ફરજીયાતપણે હેલ્મેટ કાયદાનો અમલ કરવાનો રહેશે. અન્યથા પોલીસ તરફથી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જે અંગેની જવાબદારી આપની રહેશે.**

**ઉપરોક્ત મુજબ અમલવારી અંગે સૌનો સાથ-સહકાર અનિવાર્ય છે.**






રાજ્યની સરકારી કચેરીઓ/ઇમારતોમાં દ્વિચક્રી વાહન (મોટર સાઇકલ, સ્કુટર વગેરે) પર આવનાર કર્મચારીઓ/અધિકારીઓએ કાળજી રાખવાની બાબતો.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : GAD/MSM/e-file/1/2024/5873/T
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૬/૧૦/૨૦૨૪

**પરિપત્ર :**

રાજ્યમાં વધતા જતા માર્ગ અકસ્માતો અને તેનાથી થતી ગંભીર ઇજા/મૃત્યુના બનાવો ધ્યાને લેતાં માર્ગ સલામતી, લોકજાગૃતિ તથા ટ્રાફિક નિયમોનું પાલન અત્યંત જરૂરી છે. દ્વિચક્રી વાહન ચાલકો માટે હેલ્મેટનો ઉપયોગ એ કાયદાનું પાલન ઉપરાંત વ્યક્તિની સુરક્ષા સુનિશ્ચિત કરે છે, જેના પરિણામે માર્ગ અકસ્માતો વખતે ગંભીર ઇજાઓ અને મૃત્યુની શક્યતામાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય તેમ છે. આથી, રાજ્ય સરકારના તમામ સરકારી કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા જવાબદારીપૂર્વક કાયદા પાલન અને સલામતી/સુરક્ષા માટે વાહન ચલાવતા સમયે નિયત ધોરણસરનો હેલ્મેટ ફરજીયાતપણે ઉપયોગ કરે તે આવશ્યક છે.

૨. મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ મુજબ નિયમ-૧૨૯ હેઠળ, દ્વિચક્રી વાહન ચલાવતા સમયે હેલ્મેટ પહેરવું ફરજિયાત હોવાથી, સરકારની પુખ્ત વિચારણાને અંતે રાજ્યની તમામ સરકારી કચેરીઓનાં પરિસરમાં દ્વિચક્રી વાહન મારફતે આવતા-જતા અધિકારીઓ–કર્મચારીઓ-સ્ટાફ માટે નીચે મુજબની સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) સચિવાલયના તમામ વિભાગો, રાજ્યની તમામ સરકારી-અર્ધસરકારી કચેરીઓ, બોર્ડ, નિગમો, પૂર્ણ કે આંશિક સરકારી અનુદાન લેતી સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં દ્વિચક્રી વાહન (મોટર સાઇકલ, સ્કુટર વગેરે) પર આવતા-જતાં વાહનચાલક તથા પાછળી સીટ પર બેસનાર અધિકારીઓ/કર્મચારીઓએ ફરજીયાતપણે, નિયત ધોરણસરનું હેલ્મેટ પહેરીને જ સરકારી કચેરીના પરિસરમાં પ્રવેશ લેવાનો રહેશે, અન્યથા તેઓને સરકારી કચેરીના પરિસરમાં પ્રવેશ અટકાવી શકાશે.

(૨) આ સૂચનાઓના યોગ્ય અમલીકરણ માટે સંબંધિત કચેરીના વડાઓએ નિયંત્રણ હેઠળના સર્વે અધિકારીઓ/કર્મચારીઓને જરૂરી સૂચના તથા તે અંગે ચકાસણી થાય તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૩) ઉક્ત વ્યવસ્થા માટે, જરૂર જણાય તો, પોલીસ ખાતા/સલામતી દળના કર્મચારીઓની સેવા મેળવી શકાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: GOPALBHAI ZALA
Organization Unit: General Administration Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 16-Oct-2024 (11:53 AM)

(જી.બી.ઝાલા)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. રાજ્યપાલશ્રીના ગૃહ નિયામકશ્રીની કચેરી, રાજભવન,ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧/૨, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી /સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગ (તેમના હસ્તકના તમામ ખાતાના વડા તેમજ જિલ્લા કક્ષાની કચેરીઓ સહિત તમામ તાબાની કચેરીઓના ધ્યાને મુકવા સારૂ.)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર (પત્રથી)
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર (પત્રથી)
- સચિવશ્રી, લોકાયુક્તશ્રીની કચેરી, ગાંધીનગર (પત્રથી)
- ખાતાકીય તપાસના ખાસ અધિકારીશ્રી, ખાતાકીય તપાસના ખાસ અધિકારીની કચેરી, ગાંધીનગર
- સચિવશ્રી, રાજ્યચુંટણી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર

ફેક્સ : (૦૭૯)૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪
ટેલિગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બો સ નં.૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

નં. આર/ 9966 /૨૦૨૪ તા. ૨૩/૧૦/૨૦૨૪

**પ રિ પ ત્ર**

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ મુજબ નિયમ-૧૨૯ હેઠળ, ધ્વિચક્રી વાહન ચલાવતા સમયે હેલ્મેટ પહેરવું ફરજીયાત હોવાથી ગુજરાત સરકારશ્રી, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૪ના પરિપત્ર (નકલ સામેલ છે) મુજબ ગુજરાત યુનિવર્સિટી તેમજ કોલેજ કેમ્પસ/પરિસરમાં આવતા-જતાં વાહનચાલક તથા પાછલી સીટ પર બેસનાર અધિકારીઓ/કર્મચારીઓ/વિધ્યાર્થીઓ સહિત તમામે નિયત ધોરણસરનું હેલ્મેટ પહેરીને જ પ્રવેશ લેવાનો રહેશે, જેની નોંધ લઇ સદર બાબતે આપશ્રીની કક્ષાએથી તમામને જરૂરી સુચના આપવાનું રાખવા આથી આદેશાનુસાર જણાવવામાં આવે છે.

વધુમાં જણાવવાનું કે, રાજયમાં વધતા જતા માર્ગ અકસ્માતો અને તેનાથી થતી ગંભીર ઇજા/મૃત્યુના બનાવોને ધ્યાને લેતાં માર્ગ સલામતી તથા ટ્રાફિકના નિયમોનું પાલન થાય તે માટે એન.એસ.એસ. ના વિધ્યાથીઓ ધ્વારા ગુજરાત યુનિવર્સિટી તેમજ કોલેજ કેમ્પસ/પરિસરમાં વાહન ચાલકોમાં જાગૃતિ લાવવાની કામગીરી સોંપવાનું રાખવા પણ આથી આપશ્રીને જણાવવામાં આવે છે.

કુલસચિવ

**પ્રતિ,**

(૧) યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગોના વડાશ્રીઓ.
(૨) યુનિવર્સિટીના તમામ ભવનોના વિભાગોના વડાશ્રીઓ.
(૩) યુનિવર્સિટીના હોસ્ટેલના વોર્ડનશ્રીઓ.
(૫) યુનિ. સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ

નકલ રવાના:
(૧) કો-ઓર્ડિનેટરશ્રી, એન.એસ.એસ., ગુજરાત યુનિ., અમદાવાદ.
(૨) કો-ઓર્ડિનેટરશ્રી, એન.એસ.એસ. તમામ સંલગ્ન કોલેજો

# Gujarat Police

**Office of the IG of Police (STB)**
**Gujarat State, Sector No 30,**
**Block No.201/1 & 201/2, G-1 Type,**
**Gandhinagar - 382030**
**Phone-079-232 61224 Fax: 079-232 61225**
**E-Mail: dgp-stb-br@gujarat.gov.in**


ક્રમાંક:૧૮૬/STB/RB/F.NO. /ટ્રાફિક નિયમ-અમલવારી/હેલ્મેટ/ ૨૦૫૮ /૨૦૨૪, તા.૧૮/૧૧/૨૦૨૪.

પ્રતિ

ગુજરાત રાજયની તમામ યુનિવર્સિટીઓના
વાઇસ ચાન્સલરશ્રીઓ.

આવક: [illegible]/૬૭૭૨ /૨૦૨૪
પોલીસ [illegible]
અમદાવાદ શહેર, તા.૨૦/૧૧/૨૦૨૪

વિષય: દ્વિ-ચકી વાહન ચાલકને ફરજીયાત હેલ્મેટ પહેરવા બાબત.
સંદર્ભ: નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરનાઓની
કચેરીના પરિપત્ર ક્રમાંક: GAD/MSM/e-file/1/2024/5873/T.
તા.૧૯/૧૦/૨૦૨૪

રાજયમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ/કોલેજોમાં અંદાજીત ૧૬.૪ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થીઓ અવર-જવર માટે મોટા ભાગે દ્વિ-ચકી વાહનોનો ઉપયોગ કરે છે.

રાજયમાં વર્ષ ૨૦૨૩ દરમિયાન માર્ગ પર અકસ્માત થવાના કારણે કુલ ૭,૮૫૪ લોકો મૃત્યુ પામેલ હતા. જેમાં ૨,૭૬૭ (૩૫%) લોકોના મૃત્યુ હેલ્મેટ ન પહેરવાને કારણે થયા હતા. આ ઉપરાંત કુલ જીવ ગુમાવનારમાંથી ૨,૦૮૨ (૨૬.૫૦%) વ્યકિત ૨૬ વર્ષની નીચેની વયના છે. જે ખૂબ જ ચિંતાજનક બાબત છે. આ વયજુથમાં મુખ્યત્વે શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ હોય છે.

માર્ગ સુરક્ષા આજના સમયમાં અત્યંત મહત્વપૂર્ણ મુદ્દો છે. હેલ્મેટ પહેરવુ એ એક સરળ પરંતુ અત્યંત અસરકારક પગલુ છે. હેલ્મેટનો ઉપયોગ કરવાથી માથાના ભાગે ઘાતક ઇજાના જોખમને ઘટાડી શકાય છે. જે ગંભીર ઇજાઓને રોકી શકવામાં મદદરૂપ થાય છે અને જીવ બચાવવામાં મહત્વનો ભાગ ભજવે છે.

મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ ની કલમ ૧૨૯ મુજબ દ્વિ-ચકીય વાહન ચાલક તેમજ પાછળ બેસનાર વ્યક્તિએ હેલ્મેટ પહેરવું ફરજીયાત છે.

તાજેતરમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે *suo-motu* રીટ પીટીશન દાખલ કરેલ છે. જે અંતર્ગત નામદાર હાઇકોર્ટ દ્વારા દ્વિ-ચકી વાહન ચલાવનાર તેમજ તેની પાછળ બેસનાર વ્યકિતએ ફરજીયાતપણે હેલ્મેટ પહેરવા અંગેની અમલવારી કરવા જણાવેલ છે. આ ઉપરાંત રાજયની તમામ સરકારી કચેરીઓના

પરિસરમાં દ્વિ-ચક્રી વાહનનો ઉપયોગ કરતા અધિકારીઓ/કર્મચારીઓ/સ્ટાફ માટે હેલ્મેટ પહેરવા અંગે જરૂરી સૂચના ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ છે.

રાજ્યની તમામ યુનિવર્સિટીઓ (ખાનગી/સરકારી) પણ પોતાના તમામ અધિકારી/કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓને હેલ્મેટ પહેરવા પ્રોત્સાહિત કરે તે માટે આપના સહકારની વિનંતી છે.

(વિકાસ સહાય)
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના</u> (જાણ સારૂ)

- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, [illegible] વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર
- પોલીસ કમિશનરશ્રી (અમદાવાદ/સુરત/રાજકોટ/વડોદરા), શહેર
- પોલીસ અધિક્ષકશ્રીઓ/રેલ્વે વડોદરા/અમદાવાદ (જીલ્લા), તમામ